રાજકોટ-જેતપુર હાઇવે પર કારમાં દારૂની હેરાફેરી કરતો રાજકોટનો શખ્સ ઝડપાયો

દેશી દારૂ, કાર મળી કુલ રૂ.૨.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

રાજકોટ,

ગોંડલ બી-ડિવિઝન પોલીસે જેતપુર-રાજકોટ નેશનલ હાઈવે પરથી દેશી દારૂની હેરાફેરી કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૨.૫૦ લાખના મુદ્દામાલ સાથે ૨૦૦ લીટર દેશી દારૂ અને એક ફોર-વ્હીલર કાર જપ્ત કરી છે. રાજકોટ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્ય એસ.પી. વિજયસિંહ ગુર્જરની સૂચના મુજબ, દારૂની હેરાફેરી અટકાવવા માટે કડક ઝુંબેશ ચાલી રહી છે. આ અંતર્ગત ગોંડલ બી-ડિવિઝન પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો.

પેટ્રોલિંગ દરમિયાન, પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે એક શંકાસ્પદ હોન્ડા સિટી કાર રજીસ્ટ્રેશન નંબર જી.જે. ૦૧ કે.એફ. ૦૫૧૦ નેશનલ હાઈવે પરથી પસાર થવાની છે. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી કારને અટકાવી હતી. કારની તલાશી લેતા તેમાંથી ૨૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૪૦,૦૦૦/- આંકવામાં આવી છે. પોલીસે રૂ. ૨,૦૦,૦૦૦/- ની કિંમતની હોન્ડા સિટી કાર પણ જપ્ત કરી છે. આમ, કુલ રૂ.૨,૫૦,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પોલીસે રાજકોટના રસુલપરા, કોઠારીયા સોલ્વન્ટ ખાતે રહેતા નદીમભાઈ વલીમામદભાઈ નોઈડા નામના શખ્સની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. રાવના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. મદનસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ મનુભા, તેમજ કોન્સ્ટેબલ હીતેન્દ્રસિંહ, સુરપાલસિંહ, વીપુલભાઇ અને ઓમદેવસિંહ સહિતનો સ્ટાફે કરી હતી.

રાજકોટમાં મનપા ફુડ શાખાની પાણીપુરીના ધંધાર્થીઓને ત્યાં ધોંસ : ૫૦ નમુના લેવાયા

શહેરની નામાંકિત હોટલો, દુકાનો તથા રેંકડીઓ ઉપર પાણીપુરી અંગે તંત્રનું ચેકીંગ: ૫ કિલો વાસી અખાદ્ય નોનવેજ ફુડનો નાશ

રાજકોટ,

ગાંધીનગરમાં ટાઈફોઈડના રોગચાળાના કહેર વચ્ચે રાજકોટમાં પણ પાણીપુરીના ધંધાર્થીઓને ત્યાં સઘન ડ્રાઈવ ચાલી રહી છે તે અંતર્ગત ૧૫૦ ફુટ રીંગ રોડ, યુનિ. રોડ, પુષ્કરધામ, કોટેચા ચોક, રેસકોર્સ, સર્વેશ્વર ચોક, યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં ૫૦ ધંધાર્થીને ત્યાં અલગ અલગ ફલેવરના પાણીના નમુના લઈ લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે.

જે વિસ્તારમાં પાણીના નમુના લેવાની ડ્રાઈવ ચલાવવામાં આવી તેમાં પંચનાથ મંદિર સામે રાજેન્દ્ર જેશવા, યાજ્ઞિક રોડ પર શ્રી ચાઈનીઝ-પંજાબી, મમતા પાણીપુરી, સવેશ્વર્વર ચોકમાં સંતોષ ભેળ, ક્રિષ્ના મારવાડી, બોમ્બે સ્ટાઈલ ભેળ, બાલભવન ગેટ પાસે સંતોષ ભેળ, બાલાજી પાણીપુરી, સંતોષ ભેળ એન્ડ રગડા, સાવરીયા શેઠ પાણીપુરી, બોમ્બે સ્ટાઈલ ભેળ, ગપ્પે વીથ ગોલ ગપ્પે, નુતનનગર હોલ સામે શ્રીનાથજી ભેળ સેન્ટર, કોટેચા ચોકમાં કે.પી.ફુડસ, મીત

રેસ્ટોરન્ટ, એ.જી.ચોક હોકર્સ ઝોનમાં દિલખુશ અને શ્રીનાથજી પાણીપુરી, પુષ્કરધામ મેઈન રોડ પર ક્રિષ્ના, ચાંદની, મા રતનગઢવાલી પાણીપુરી, કિડની હોસ્પિટલ પાછળ બાલાજી પાણીપુરી, શિવશંકર પાણીપુરી, ૧૫૦ ફુટ રોડ ઈગલ ટ્રાવેલ્સ પાસે નેત્રી પાણીપુરીનો સમાવેશ થાય છે.

આવી બે ડઝન જેટલી દુકાનોમાંથી તીખુ, મીઠુ, જીરા, લસણ, હાજમા, રેગ્યુલર, જલજીરા, ફુદીના, ખજુર, ગાર્લિક લસણ પાણીના ૫૦ નમુના લેવાયા છે.મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રામનાથપરામાં જુમ્મા મસ્જિદ મેઈન રોડ પર આવેલ એસ.એ. નોનવેજ પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ પાંચ કિલો વાસી પ્રિપેર્ડ- ફૂડનો નાશ કરવામાં આવ્યો હતો અને દુકાનદારને યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટિસ અપાઈ હતી.

ફૂડ વિભાગની ટીમે નાણાવટી ચોકથી રામેશ્વર મેઈન રોડ વિસ્તારમાં ખાણીપીણીના ૧૮ ધંધાર્થીને ત્યાં ૧૮ સેમ્પલની ચકાસણી કરી આઠને નોટીસ અપાઈ હતી. તેમાં (૧)મોમાઈ સુપર માર્કેટ (૨)વિશ્વાસુ પ્રોવિઝન સ્ટોર (૩)મોમાઈ અમૂલ પાર્લર (૪)પરી મેડીકલ (૫)સ્વસ્તિક પ્રોવિઝન સ્ટોર (૬)શ્રીરામ ડેરી ફાર્મ (૭)પિતૃકૃપા ચીકી (૮)ક્રિષ્ના પ્રોવિઝન સ્ટોરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૯)જય ચામુંડા ફરસાણ (૧૦) એબી બેકરી (૧૧) બ્રજ બાઈટ (૧૨)જય અંબે ફરસાણ (૧૩)શ્રી રાધે જનરલ સ્ટોર (૧૪)આશાપુરા જનરલ સ્ટોર (૧૫)શયોના પ્રોવિઝન સ્ટોર (૧૬)જલિયાણ ફરસાણ (૧૭)ડોલી અમૂલ પાર્લર (૧૮)ખોડિયાર જનરલ સ્ટોરનો સમાવેશ થાય છે.

રાજકોટના શાપર વેરાવળમાં ચક્કર આવતાં પડી જતાં શ્રમિક યુવાનનું મોત

રાજકોટ,

રાજકોટના શાપર વેરાવળમાં કારખાનામાં કામ કરતો શ્રમિક યુવાન ચક્કર આવતાં પડી જવાથી તેને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતાં તેનું મોત નિપજ્યું હતું.

જાણવા મળતી વિગત મુજબ, મુળ મધ્યપ્રદેશનો વતની અને હાલ શાપર વેરાવળમાં રોયલ ટેકસ નામના કારખાનામાં કામ કરતો ક્રિષ્ના દલવીરભાઈ પાંઉ (ઉ.૩૦) નામનો યુવાન કારખાનામાં કામ કરતો હતો ત્યારે અચાનક ચક્કર આવતાં પડી જતાં બેભાન થઈ ગયો હતો. જેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મરણ ગયાનું જાહેર કર્યુ હતું.

પ્રાથમિક તપાસમાં મૃતક ક્રિષ્ના ત્રણ ભાઈ એક બહેનમાં વચેટ અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી શ્રમિક પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. આ અંગે શાપર વેરાવળ પોલીસને જાણ કરતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

રાજકોટના મવડી વિસ્તારમાં પહેલા માળેથી પડી જતાં બાળકનું મોત

રાજકોટ,

રાજકોટના મવડીના બાપા સિતારામ ચોકમાં રહેતાં નેપાળી યુવાનનો ૪ વર્ષનો દિકરો રમતો રમતો પહેલા માળેથી પડી જતાં મોત થતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો.

જાણવા મળ્યા મુજબ રાજકોટના મવડી બાપા સિતારામ ચોકમાં રહેતાં ખખેન્દ્ર કડાયતનો પુત્ર દિપેશ (ઉ.વ.૪) ગઈકાલે ઘરે પહેલા માળે રમતી વખતે પડી જતાં ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યા તેનું મોત થયું હતું મૃત્યુ પામનાર દિપેશ એક બહેનથી મોટો હતો. તેના પિતા મજુરી કરે છે. તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી.

ધારીના ગરમલી ગામે દીપડો પાંજરે પુરાયો

ધરી



ધારી તાલુકાના ગરમલી ગામમાં છેલ્લા ઘણા સમયથી લોકોમાં આતંક ફેલાવતો દીપડો આખરે ઝડપાયો છે. ગામના રહેવાસીઓએ દીપડો વારંવાર દેખાતો હોવાની જાણ વન વિભાગને કરી હતી. વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને ગામ નજીક પાંજરું મૂક્યું હતું. પાંજરામાં દીપડો આબાદ ઝડપાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે નોંધનીય છે કે ગરમલી ગામે છાશવારે રાનીપશુઓ આવી ચડતા હોવાથી ગ્રામજનો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.

જૂનાગઢમાં પકડાયેલ ડુપ્લીપકેટ વિદેશી દારૂ ફેક્ટારી કેસમાં આરોપી જેલ હવાલે

જુનાગઢ,

જુનાગઢ શહેરના ધરારનગરમાં કોલેજની સામે રહેતા પ્રતાપ શિવુભા સોલંકીએ પરમાર વાડીની બાજુમાં શરૂ કરેલી ડુપ્લીગકેટ વિદેશી દારૂ બનાવવાની ફેક્ટોરી પકડી પાડી પોલીસે નકલી દારૂ બનાવવાના સાધનો સહિત રૂપિયા ૧૪,૦૨,૯૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સ્થળ પરથી ફ્રતાપના ભાઈ રઘુવીરસિંહ ઉર્ફે રઘુની ધરપકડ કરી તપાસનીશ પીએસઆઈ વાય. એન. સોલંકીએ ૧ દિવસના રિમાન્ડ પર મેળવી પૂછપરછ હાથ ધરી હતી.

રિમાન્ડહ પૂરા થતા આરોપીને કોર્ટમાં રજૂ કરતા અદાલતે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો જેના પગલે જૂનાગઢ જિલ્લા જેલમાં ધકેલી દીધો હતો. આ કેસમાં મુખ્ય આરોપી પ્રતાપ સોલંકી સહિતના શખ્સો ફરાર હોય તેને પકડવા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

અમરેલીમાં નિર્માણધીન અંડરબ્રિજના ખાડામાં એક્ટિવા ખાબક્યું, યુવકનું મોત

મોટર સાયકલ પાછળ બેઠેલાં તેમનાં પત્નીને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ

અમરેલી

અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ દાદા ભગવાનના મંદિર પાસે પુલનું કામ ચાલુ હોય ત્યાં ગઈકાલે મોડી રાત્રીનાં સમયે એક ડબલ સવારી મોટર સાયકલ આ પુલના ખાડામાં ખાબકતાં મોટર સાયકલ ચાલકનું મોત નિપજેલ હતું. જ્યારે મોટર સાયકલ પાછળ બેઠેલાં તેમનાં પત્નીને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ હતાં.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલીના ડુબાણીયાપા વિસ્તારમાં આવેલ ઘાંચીવાડમાં રહેતાં દિલાવરભાઈ સતારભાઈ સેલોત તેમનાં પત્ની રેશમાબેન તથા તેમની દીકરી ખુશ્બુ તથા તેમના ભાઈ આશિફભાઈ તથા આશીફભાઈના પત્ની અંજુમનબેન ગઈકાલે રાત્રે અલગ અલગ બે મોટર સાયકલ લઈ અમરેલી લીલીયા રોડે ઉપર લાલાવદર પાસે ભાવરીયા પીરની દરગાહએ દર્શન કરવા ગયેલ હતા. અને આજે તા. ૮ના આશરે સાડા બારેક વાગ્યે ઘરે



પરત ફરતાં હતા. આશિફભાઈએ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. ્લ્ ૧૪.ર્ઈ.૦૧૩૦ માં પાછળ તેમનાં પત્ની અંજુમનબેનને બેસાડી આવતાં હતાં. ત્યારે અમરેલીના દાદા ભગવાનના મંદિર પાસે પુલનું કામ ચાલુ હોય ત્યાં આશિફભાઈનું ડબલ સવારી વાળું મોટર સાયકલ ડાયવર્જન તરફ વળેલ નહીં અને સીધું જ ઊંડા ખાડામાં પડી ગયેલ હતું. ત્યારે બીજા મોટર સાયકલ આવી રહેલ દિલાવરભાઈએ પોતાનું મોટર સાયકલ સાઈડમાં ઊભું રાખી ત્યાં જોવા જતા દિલાવરભાઈ દીકરી સળિયા પાસે પડી જતા તેને બંને પગમાં ઈજા થયેલ હતી. આશિફભાઈ તથા તેના પત્ની નીચે ખાડામાં પડેલ હતા. જેથી ફાયરબ્રિગેડને ફોન કરતા ફાયરબ્રિગેડની ટીમ આવી ગયેલ આસિફભાઈ તથા તેના પત્ની અંજુમબેનને ખાણમાંથી બહાર કાઢેલ હતાં. આ દરમિયાન આસિફભાઈને માથામાં ગંભીર ઈજા થયેલ હોય, તેને પ્રાઈવેટ વાહનમાં અમરેલી સિંવીલ હોસ્પિટલમાં લઈ ગયેલ હતા.જ્યાં આશીફભાઈનું મોત નિપજેલ હતું. દીકરી ખુશ્બુ તથા આસિફભાઈના પત્ની અંજુમનબેનને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ હતાં.

સા.કુંડલા ડેપોની બસમાંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળ્યા

અમરેલી

૩૧ ડિસેમ્બરમાં દારૂની હેરફેર ન થાય તે માટે પોલીસ અને એસ.ટી.લાઈન ચેકીગ ટીમ દ્વારા બસની તપાસ કરવામાં આવતી હતી પરંતુ ૩૧ ડિસેમ્બર બાદ એસ.ટી.બસમાં જ દારૂની હેરફેર શરૂ થઈ ગઈ છે. જેમાં સાવરકુંડલા ડેપોની બસ નં.જીજે-૧૮-ઝેડટી-૦૭૩૦ મંડોરથી સાવરકુંડલા આવવા માટે નીકળી હતી અને રાત્રિના બે વાગ્યાની આસપાસ ઢસા ચોકડી પાસે પહોંચતા અમરેલી એસ.ટી.ચેકીંગની ટીમ દ્વારા બસની તલાસી લેવામાં આવતા બસમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નં.૪૫ અને ૨૪ નંગ બિયરના ટીન બસની ડેકીમાંથી મળી આવ્યા હતા. એસ.ટી.ચેકીગ ટીમના એમ.એ. જુણેજા અને આર.એચ. હિંગુએ તાત્કાલિક ઢસા પોલીસને જાણ કરી હતી જેથી ઢસા પોલીસે બસના કંડકટર જગદીશ ભરાડ સામે ગુનો નોંધ્યો છે. આ દારૂ કોણે મંગાવ્યો અને કોને આપવાનો હતો તે બાબતે પોલીસ પુરપરછ કરશે. આમ, એસ.ટી.બસનો ઉપયોગ દારૂની હેરાફેરી કરવામાં થયો હોવાનું સામે આવતા ચકચાર મચી જવા પામી છે.અત્રે નોંધનીય છે કે ગુજરાતની બોર્ડર નજીક અમરેલી એસ.ટી.ડિવિઝનની જે બસ જાય છે તેવી તમામ બસમાં ચેકીગ કરવામાં આવે તે જરૂરી છે. ઘણીવાર ડ્રાઈવરો પણ નશામાં બસ ચલાવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

રાજકોટના કોઠારીયા રિંગ રોડ પર ટ્રકમાં ચોરખાનું બનાવી છૂપાવેલો દારૂ ઝડપાયો : એક પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેરની ભાગોળે કોઠારીયા રીંગ રોડ પર લીક્ષ્મત પાપડ પાસેથી પોલીસે બાતમીના આધારે વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે રાજસ્થાની શખ્સને ઝડપી લીધો હતો. ટ્રકમાં વાયરની આડમાં ચોર ખાનું બનાવી છુપાવેલો ૧૫૬ બોટલ દારૂ અને ટ્રક મળી કુલ રૂા.૮.૯૪ લાખનો મુદ્દામાલ કબજે કરી પોલીસે સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ વી.ડી.ડોડીયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ દિલીપ બોરીચા, દિપક ચૌહાણ, વિશાલ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન ગ્રીન લેન્ડ ચોકડી તરફથી ગોંડલ ચોકડી તરફ જતાં

ટ્રકમાં વાયરની આડમાં ચોર ખાનું બનાવી વિદેશી દારૂ છુપાવ્યો હોવાની બાતમી મળતાં પોલીસે કોઠારીયા રીંગ રોડ પર લીક્ષ્મત પાપડ સામે હાઈવે પર વોચ ગોઠવી હતી.

દરમિયાન ત્યાંથી પસાર થતાં બાતમી મુજબના ટ્રકને અટકાવી તલાસી લેતાં ટ્રકમાં એસ.એસ.વાયરના બંડલો જોવામાં આવેલા જેની નીચે ચોર ખાનુ બનાવેલું હોય જેમાં તપાસ કરતાં વિદેશી દારૂની અલગ અલગ કંપનીની બોટલ ન.૧૫૬ કિ.રૂા.૩,૮૯,૧૬૦ મળી આવતાં પોલીસે ટ્રક ચાલક ચંદનસિંહ નૈનુસિંહ રાવત (રહે.ખલીયા, રાજસ્થાન)ને ઝડપી લઈ ટ્રક અને દારૂ મળી કુલ રૂા.૮,૯૪,૧૬૦નો મુદ્દામાલ કબજે કરી આરોપીની પુછપરછ હાથ ધરી હતી. જેમાં આરોપીએ આ દારૂનો જથ્થો રાજસ્થાનમાં અલ્વર હાઈવે પર આવેલા ઢાબા પરથી વિક્રમસિંહ હજારેસિંહ ચૌહાણએ ભરી આપ્યો હોવાનું અને રાજકોટ ગોંડલ હાઈવે તરફ લઈ જવાનું જણાવ્યું હોવાની કબુલાત આપતાં પોલીસે ટ્રક ડ્રાયવરની ધરપકડ કરી દારૂ મોકલનાર સપ્લાયરને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

જીએસટી કૌભાંડ અને છેતરપિંડીના ગુનામાં ફરાર બે શખ્સો ઝડપાયા

રાજકોટ

પોલીસ કમિશ્નરની સુચનાને પગેલ પેરોલ ફર્લો સ્કવોડની ટીમે જીએસટી કૌભાંડ અને છેતરપિંડીના ગુનામાં ફરાર બે શખ્સોને ગાંધીનગર અને અમદાવાદથી ઝડપી લીધા હતા.

પૂર્વયોજીત કાવતરૂ રચી પેઢીનાં નામના જીએસટીનાં બનાવટી દસ્તાવેજો બનાવવાનાં ગુન્હામાં ભક્તિનગર પો.સ્ટે. ગુનામાં નાસતા ફરતા આરોપી અમદાવાદ દાણી લીમડા જેનલ રેસીડેન્સી અલ મહંમદી -સોસાયટી, મદીના હોટલની સામે પ્લોટ નં.૪૦૩માં રહેતા તોફીક ઉર્ફે પંકજ ઉર્ફે ભાઉ રફીકભાઈ રંગરેજ (ઉ.વ.૩૬)ને અમદાવાદ શહેર ખાતેથી પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ઝડપી લીધો હતો. જયારે પૂર્વયોજીત કાવતરૂ રચી છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદમાં ફરાર જામનગરના ધ્રોલના તુલસીપાર્કના વાતની હાલ સર્કલ-૨ ઘ રોડ ઘર નં.૮૭૩ ગાંધીનગર રેહતા વિનાદભાઈ છગનભાઈ કાસુદ્રાને ઝડપી લીધો હતો.

આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડિયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ભરત બસીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડના પી.આઈ ભાર્ગવસિંહ એમ. ઝણકાટ તથા પીએસઆઈ જે.જી. તેરૈયા તથા એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ ઝાલા, વિનોદભાઇ બેરડીયા, સીરાજભાઈ ચાનીયા, તેજનભાઇ ચાવડા, જયદીપસિંહ બોરાણા, દિનેશભાઇ વાળા સાથે દોલતસિંહ રાઠોડ સહિતના સ્ટાફે કરી હતી.

રાજકોટમાં પ્રતિબંધીત ચાઇનીઝ દોરીની ૪૦ ફીરકી સાથે બે પકડાયા

રાજકોટ,

રાજકોટ શહેરના આજી ડેમ ચોકડી પાસે અને મોરબી રોડ સેટેલાઈટ ચોક પાસેથી રૂા. ૧૭ હજારની ચાઈનીઝ દોરીની ફીરકી સાથે આજી ડેમ અને બી ડીવીઝન પોલીસે બે શખ્સોથને પકડી લીધા હતાં.

મળતી વિગત મુજબ મકર સંક્રાંતિ અંતર્ગત રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા શખ્સોને પકડી પાડવા માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની સુચનાથી આજી ડેમ પોલીસ મથકના હેડ કોન્સ. એસ. ડી. બારોટ સહિતે ચેકીંગ દરમ્યાન આજી ડેમ ચોકડી પાસે દરોડો પાડી રૂા. ૨૨૫૦ ની કિંમતની ચાઈનીઝ દોરીની ૧૫ ફીરકી સાથે વિવેક રાજેશભાઈ અઘોલા (ઉ.વ.૨૪) (રહે. રિધ્ધી સિધ્ધી સોસાયટી શેરી નં. ૫, ગોંડલ રોડ) ને પકડી લીધો હતો.

જયારે બીજા દરોડામાં મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે બી ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ. જગદીશભાઈ ધાંધલ સહિતના સ્ટાફે ચેકીંગ દરમ્યાન સેટેલાઈટ ચોક પાસે સ્વપ્નદિપ સોપાન એપાર્ટમેન્ટ નીચેથી રૂા. ૧૫૦૦૦ ની કિંમતની ચાઈનીઝ દોરીની ૨૫ ફીરકી સાથે જીજ્ઞેશ ભરતભાઈ ઉમરાણીયા (ઉ.વ.૩૨) (રહે. સ્વપ્નદીપ સોપાન એપાર્ટમેન્ટ) ને પકડી લઈ કાર્યવાહી કરી હતી.

સૌરાષ્ટ્ર આજતક Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.